# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૬/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **હમ તો સ્ટાર હૈ પર મોદીજી તો સુપર સ્ટાર હૈ : સાંસદ શ્રી પરેશ રાવલ.**
- **વિકાસને ગાંડો કહેનારા પહેલા પોતાના મત વિસ્તારનો વિકાસ કરી બતાવે.**
- **ધરતી, આકાશ અને પાતાળમાં ભ્રષ્ટાચાર કરનારી કોંગ્રેસને માફ કરી શકાય નહીં.**
- **JNU ના સમર્થકો દેશ માટે ખતરારૂપ : સાંસદ શ્રી પરેશ રાવલ.**
- **ગુજરાતમાં બેરોજગારોની વાતો કરનારા રાહુલ ગાંધીના સંસદીય ક્ષેત્રના સૌથી વધુ યુવાનોને ગુજરાત રોજગારી આપે છે.**

"હમ તો સ્ટાર હૈ પરંતુ નરેન્દ્રભાઈ મોદી તો સુપરસ્ટાર હૈ" તેમ સુરત ખાતે આવેલા ફિલ્મસ્ટાર અને સાંસદ શ્રી પરેશ રાવલે પશ્ચિમ વિધાનસભામાં જંગી જનમેદનીને સંબોધન કરતાં જણાવ્યું હતું.

પશ્ચિમ વિધાનસભામાં યોજાયેલી જનસભાને સંબોધન કરતા સાંસદ શ્રી પરેશ રાવલે જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી તો દેશના નહિં દુનિયાના સુપરસ્ટાર છે. સમગ્ર વિશ્વમાં આજે મોદીજીનો દબદબો છે. મોદીજીના કારણે વિશ્વમાં

ભારતની શાન વધી છે. મોદીજીના વિકાસ મોડલથી પ્રેરાઈને હું રાજકારણમાં જોડાયો છું તેમ શ્રી પરેશ રાવલે જણાવ્યું હતું.

મોદીજીના વિકાસ મોડલની ચર્ચા કરતા વધુમાં શ્રી પરેશ રાવલે જણાવ્યું કે એરપોર્ટ જેવા બસ સ્ટેશનો ફક્ત મોદીજી જ બનાવી શકે. ગુજરાતનું વિકાસ મોડલ આજે સમગ્ર દેશ અને દુનિયા માટે પ્રેરણાદાયી છે. ત્યારે વિકાસને ગાંડો કહેનારા ફક્ત પોતાના મતક્ષેત્રનો વિકાસ કરી બતાવે. અમેઠીની જનતા વર્ષોથી ગાંધી પરિવારની સાથે રહી હતી. ૭૦–૭૦ વર્ષોથી અમેઠીમાં સત્તા ભોગવનાર કોંગ્રેસીઓ તેમના મતક્ષેત્રનો પણ વિકાસ કરી શક્યા નથી અને અહિં ગુજરાત આવીને વિકાસની મજાક ઉડાવે છે. બેરોજગારીની વાતો કરનારા રાહુલ ગાંધીના મતક્ષેત્રના યુવાનોને સૌથી વધુ રોજગારી ગુજરાત પુરૂં પાડે છે.

દેશ વિરોધી કોંગ્રેસની ઝાટકણી કાઢતા સાંસદ પરેશ રાવલે જણાવ્યું કે "ભારત તેરે ટુકડે હોગે"ના નારા બોલનારાના સમર્થનમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પહોંચી જાય એનાથી ખરાબ બીજું શું હોઈ શકે ? કોંગ્રેસે હંમેશા દેશ તોડવાનું જ કામ કર્યુ છે. આતંકવાદીઓને સમર્થન આપવું, તેઓને પ્રોત્સાહન આપવું એ કોંગ્રેસની હંમેશાથી નીતિ–રીતિ રહી છે. આતંકી સમર્થિત અને સમર્પિત પાર્ટીને દેશની જનતા ક્યારેય સ્વીકારશે નહિં.